તા. ૬-૬-૨૦૦૩ R.N.I. NO. 54965/81 વોઈસ ઓફ મહેસાણા

નજીકના ભવિષ્યમાં ત્રાસવાદીઓ ડર્ટી બોંબનો ઉપયોગ કરે તેની શક્યતા છે:





ડોઝી મીટરના શોધક ડૉ. ગોર્ધનભાઈ પટેલ

અમેરિકા સ્થિત ગુજરાતી વૈજ્ઞાનિક ડૉ. ગોર્ધનભાઈ પટેલે કૃત્રિમ લોહી તેમજ ત્વરીક એક્ષ-રે ફિલ્મનું પણ સંશોધન કરેલ છે

અમેરિકામાં વસતા મહેસાણા જિલ્લાના મણુંદ ગામના વતની અને વૈજ્ઞાનિક ડૉ. ગોર્ધનભાઇ પટેલે ક્રેડીટ કાર્ડ સાઇઝના કાર્ડ વિકસાવ્યા

રેડીયો તરંગોથી કેન્સર થઈ શકે છે: એક ગ્રામ રેડીયો તરંગો જાનહાની પણ સર્જી શકે છે: ડૉ. ગોર્ધનભાઈ પટેલ





અમદાવાદ

૧૦૦૦ ક્યુબિક મીટર કચરામાં માત્ર ૩૦ ગ્રામ રેડિયો એકટીવ મટીરીયલ સાથેનો એકસપ્લોસિવ પદાર્થ કે જેને હવે દુનિયા 'ડર્ટી બોમ્બ' એ નવા નામે ઓળખે છે તેના વિસ્ફોટથી આસપાસના ૧૦ હજાર માણસોનો ખાતમો થઈ શકે છે. આથી હોનારત વેળા રેડિયો એકિટવની અસર અને માત્રા તપાસી શકાય તેવું ડોસીમીટર (સેલ્ફ ઈન્ડિકેટિંગ ઈન્સ્ટન્ટ રેડિયેશન એલર્ટ ડોસિમીટર-એસઆઈઆરએડી) અમેરિકા વસતા ગુજરાતી સંશોધક - વૈજ્ઞાનિક ડૉ. જી.એન.પટેલે વિકસાવ્યું છે.

ક્રેડિટ કાર્ડ સાઈઝના આ ડોસિમીટર કાર્ડની ઉપયોગીતા વિસ્ફોટ બાદ બચાવ, રાહત કામગીરી વેળા તબીબો, પોલીસ, ફાયર બ્રિગેડ અને ઈજાગ્રસ્તો માટે પણ અત્યંત મહત્વની બની રહી છે. બનાવસ્થલે રેડિયો એકિટવ કિરણોની અસર કેટલી છે એ જોઈ તેના આધારે અસરગ્રસ્તોને સારવાર આપવામાં મદદરૂપ થઈ શકે છે. જે તે સ્થળ ઉપર રેડિયો એકિટવની હાજરીથી ડોસિમીટર કાર્ડનો રંગ બદલાવા લાગે છે. રંગના ઘેરાપણાના આધારે રેડિયો એકિટવની તીવ્રતા જાણી શકાય છે. ઉલ્લેખનીય છે કે, રેડિયો એકિટવની અસરથી કેન્સર પણ થઈ શકે છે.

તાજેતરમાં અમદાવાદમાં કચરામાં મુકેલા પાઈપના ટુકડાને કચરો-ભંગાર વિણનાર યુવકે હાથમાં લાઈને ખાંખેરતા જ એમાંથી ધડાકો થયો હતો. આને ડર્ટી બોમ્બનો જ એક પ્રકાર ગણાવી શકાય.

ઈરાકમાં ૧૯૮૭માં, સુદાનમાં ૧૯૯૩માં, મોસ્કોમાં ૧૯૯૫માં,



અફઘાનિસ્તાનમાં ૨૦૦૧માં, વોશિંગ્ટન ડીસીમાં ૨૦૦૨માં તેમડ લંડનમાં ૨૦૦૩માં ત્રાસવાદી જૂથો દ્વારા જાહેર સ્થળોએ પબ્લિક પાર્કસ તથા અન્યત્ર ડર્ટી બોમ્બ મૂકીને વિસ્ફોટ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને કચરાના ઢગ અથવા નકામી ચીજોમાં આવા એકસપ્લોઝિવ પદાર્થ મુકવામાં આવતા હોય છે.

ડૉ. જે.એન. પટેલે કહ્યું કે,

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ હોલ અમદાવાદ ખાતે યોજાયેલ વાર્તાલાપ

તેમના વિકસાવેલા ડોસિમીટર ઉપયોગથી રેડિયો એકિટવ મટીરીયલ્સ ત્વારીત એકિટવની સાથે કોબાલ્ટ-૬૦ અથવા સેઝિયમ ૧૩૭ નામના વિસ્ફોટકો વાપરવામાં આવે છે. ડર્ટી બોમ્બમાં જે યુરેનિયમ ૨૩૫ વિસ્ફોટક વાપરવામાં આવ્યો હોય તો એમાંના રેડિયો તરંગોની અસર બિલિયન વરસો સુધી રહે છે. કાર્બન ૧૪ના વપરાશની અસર ૫૭૮૦ વર્ષો સુધી, સ્ટ્રોન્ટિયમ-૯૦ની અસર ૨૮ વર્ષ, કોબાલ્ટ-૬૦ની અસર ૩૭ વર્ષ તથા સેઝિયમ-૧૩૭ની અસર ૩૦ વર્ષ સુધી રહે છે. વળી, અમેરિકા સ્થિત ઈન્સ્ટીટ્યુટ ફોર સાયન્સ એન્ડ ઈન્ટરનેશનલ સિક્યુરીટી સંસ્થાના અધ્યક્ષ અને સંશોધક ડેવિડ અલ બ્રાઈટે તો કહ્યું છે કે, આગામી પથી ૧૦ વર્ષોમાં ત્રાસવાદીઓ દ્વારા આવા ડર્ટી બોમ્બનો વપરાશ ઉપયોગ વધી જશે. ભંગારમાંથી એકસ્લોઝિવ મળી આવે એવા બનાવો હવે વિકસિત અને વિકાસશીલ દેશોમાં ત્રાસવાદીઓ દ્વારા થઈ રહ્યા છે. માત્ર એક ગ્રામ રેડિયો એકિટવ પણ જાનહાનિ સર્જી શકે છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ હોલ આશ્રમ રોડ ખાતે યોજાયેલા એક જાહેર વાર્તાલાપમાં તેમણે જણાવ્યું હતું કે, ત્રાસવાદ અને ડર્ટી બોમ્બથી બચાવનો મુખ્ય ઉપાય જનજાગૃતિ કેળવવાનો છે. ડ્રીલ તેમજ કચરાની સફાઈની કામગીરી દરમ્યાન અને શકય સ્થાનોએ બોમ્બ સ્કવોડ તપાસ એજન્સી મારફતે નિયમિત પરીક્ષણ કરવું જોઈએ.

ડૉ. જી.એન. પટેલે આ ઉપરાંત ખાદ્ય પદાર્થો, દવાઓ, રસીઓ વગેરે ચીજોની ગુણવત્તા તથા આરોગ્યપ્રદ તાજગીપ્રદ કે વાપરવા યોગ્ય છે કે નહીં તેની ચકાસણી કરતા કાર્ડ પણ વિકસાવ્યા છે.